| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૦૩-૧૨-૨૦૨૫ | | |
| દાખલ તારીખ | : | ૦૩-૧૨-૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | : | ૦૭-૦૩-૨૦૨૬ | | |
| અવધિ | : | ૦૦ | ૦૩ | ૦૪ |

## ચાણસ્માના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,
## મુ.ચાણસ્મા.

રેગ્યુલર દિવાની મુકદમા નં. :: ૧૯૭/૨૦૨૫

આંક ::૨૨

**વાદી** ::- શારદાબેન તે પટેલ ચંદુલાલ જેઠીદાસની દીકરી તથા પટેલ દશરથભાઈ રણછોડદાસની પત્ની, ઉ.વ.આ.૫૬,
રહે. મણીયારી, તા. ચાણસ્મા જી. પાટણ

**// વિરૂદ્ધ //**

**પ્રતિવાદી** ::- જન્મ / મરણ નોંધણી અધિકારી વ ચીફ ઓફીસરશ્રી,
ચાણસ્મા નગરપાલિકા, મુ. ચાણસ્મા, તા. ચાણસ્મા, જી.પાટણ.

**બાબત** : ડેકલેરેશન મળવા અંગેનો દાવો...

| |
|---|
| વાદી તરફે વિ.વ.શ્રી જી.પી.પટેલ |
| પ્રતિવાદી જાતે, |

## // ચુકાદો //

(૧).. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદીનું પિયર ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ છે. વાદીના માતાપીતાના લગ્નજીવનથી ૫ સંતાનનો જન્મ થયેલો. જે પૈકી વાદી “પટેલ શારદાબેન ચંદુલાલ” નો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા.ચાણસ્મા જિ.પાટણ મુકામે થયેલો. વાદીના જન્મની નોંધ કરવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીને પાસપોર્ટ મેળવવાની કાર્યવાહીમાં જન્મની નોંધના દાખલાની જરૂરિયાત હોઈ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાને જન્મની નોંધ કરવાની સત્તા પહોચતી ન હોઇ તેવો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

(૨) આ કામનાં પ્રતિવાદીને દાવાની કાયદેસરની નોટિસ બજેલ છે અને પ્રતિવાદીએ આંક ૦૬ થી વાંધાજવાબ રજુ કરેલા છે જે ધ્યાને લેતાં પ્રતિવાદીએ મહત્વપુર્ણ રીતે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમને આ અંગે આવી કોઈ નોંધણી કરવાનું નામદાર કોર્ટના આદેશ વિના કોઈ સતા ન હોવાનું જણાવેલ છે પરંતુ તેઓ જાતે સુધારો વધારો કરી શકતા નથી તેવુ જણાવેલ છે.

(૩). ત્યાર બાદ આ કામે નિર્ણય માટે આંક- ૦૭ થી મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

1.શું વાદી સાબિત કરે છે કે, તેમનો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા જિ. પાટણ મુકામે થયેલ છે અને તે બાબતની તેમના જન્મની નોંધ થયેલ નથી ?
2. શું વાદી દાવામાં માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?
3. શું હુકમ અને હુકમનામું ?

(૪). ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

1. હકારમાં.
2. હકારમાં.
3. આખરી હુકમ મુજબ.

(૫).. વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | વાદીનું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૯ | વાદીના સાહેદ ભગવતીબેન ચંદુલાલ પટેલ નું સરતપાસનું સોગંદનામુ |
| ૩ | ૧૦ | વાદીના સાહેદ પટેલ નર્મદાબેન ચંદુલાલ નું સરતપાસનું સોગંદનામુ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | અપ્રાપ્ય પ્રમાણપત્ર |
| ૨ | ૧૩ | વાદીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ની નકલ |
| ૩ | ૧૪ | વાદીના આધારાકાર્ડની નકલ |
| ૪ | ૧૫ | વાદીના પાનકાર્ડની નકલ |

| | | |
|---|---|---|
| ૫ | ૧૬ | વાદીના સાહેદના આધારકાર્ડની નકલ |
| ૬ | ૧૭ | જાહેર નોટિસ |
| ૭ | ૧૮ | જાહેર નોટીસ બિલ |

(૬) પ્રતિવાદીઓ તરફે કોઈ લેખીત કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી તર્ફે કોઈ ઉલટ તપાસ કરવા માંગતા નથી તે અંગેની આંક ૧૯ થી પુરશીશ આપેલ છે. જેથી વાદીએ આંક ૨૦ થી પુરાવો પુરો થયા અંગે કલોઝીંગ પુરસીસ આપેલ છે તથા પ્રતિવાદીએ આંક ૨૧ થી ક્લોઝીંગ પુરશીશ આપેલ છે.

**દલીલો ::-**

**વાદી:-**

આ કામે વાદીએ પોતે જે દાવા અરજી લાવેલ છે તેની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને મુખ્યત્વે પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામનાં વાદીનું પિયર ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ છે. વાદીના માતાપીતાના લગ્નજીવનથી ૫ સંતાનનો જન્મ થયેલો. જે પૈકી વાદી "પટેલ શારદાબેન ચંદુલાલ" નો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા.ચાણસ્મા જિ.પાટણ મુકામે થયેલો. વાદીના જન્મની નોંધ કરવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીને પાસપોર્ટ મેળવવાની કાર્યવાહીમાં જન્મની નોંધના દાખલાની જરૂરિયાત હોઈ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાને જન્મની નોંધ કરવાની સત્તા પહોચતી ન હોઇ તેવો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

તે અંગે ઉપરોકત જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે અને પોતાનો દાવો સાબિત કરેલ હોઈ જેથી દાવામાં માંણ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોઈ જેથી વાદી પોતાનો દાવો સાબિત કરેલ હોઈ જે ધ્યાને લઈ દાવો મંજુર કરી દાવામાં માંગ્યા મુજબની દાદ આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**પ્રતિવાદી.:-**

જયારે પ્રતિવાદી જાતે હાજર રહી પોતે અગાઉ રજુ રાખેલ પોતાના દાવા જવાબમાં જણાવ્યા મુજબ જ પોતાની દલીલ છે તેવુ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે આ અંગે તેઓને કોઈ સતા નથી. કાયદા તથા નિયત થયેલા નિયમો મુજબ જન્મ કે મૃત્યુ થવાના અમુક સમય સુધી જ જે-તે સંસ્થા નિયમોનુસાર આ અંગે તેમના દ્વારા નિભાવવામાં આવતા રજીસ્ટરોમાં તેની નોંધણી કરી શકે છે અને જો આવો સમય વિતી જાય તો ત્યારબાદ નામદાર કોર્ટના હુકમ વગર આવી કોઈ નોંધણી કરવી શક્ય નથી અને તે અંગે તેઓને કોર્ટના હુકમ વગર કોઈ સતા પણ નથી જે મુજબની દલીલો કરેલ છે.

**:: કારણો::**

**મુદ્દા નંબર - ૧ થી ૩-**

(૭) આ કામે તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન ટાળવાનાં હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ આ મુદ્દાઓ સાબિત કરવાનો બોજો આ કામનાં વાદી ઉપર છે અને તે હકીકત ધ્યાને લેતાં, સૌ પ્રથમ તો વાદીનો જન્મ તા. ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ મુકામે થયેલ છે કે કેમ તે વિચારવાનું રહે છે. વાદીએ આ અંગે તેની દાવા અરજીના સમર્થનમાં પોતે મૌખિક પુરાવો આપેલ છે તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે જે ધ્યાને લેવામાં આવે તો આ અંગે ચાણસ્મા નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ દાખલો તથા સાહેદોની જુબાની વિગેરે રજુ રાખેલ છે. વધુમાં વાદીએ પોતાના એલ.સી., આધારકાર્ડ, પાનકાર્ડ ની નકલો અનુક્રમે આંક ૧૩ થી આંક-૧૫ વિગેરે રજુ રાખેલ છે. તથા સાહેદોના સોગંદનામા રજુ કરેલા છે જે જોવામાં આવે તો તેમાં પણ વાદીનો જન્મ તા. ૨૮/૦૪/૧૯૭૦ તથા જન્મ સ્થળ ચાણસ્મા, તા. ચાણસ્મા હોવાનું જણાવેલ છે. આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો નથી અને આ કામે રજુ પણ રાખેલ નથી.

વધુમાં હવે વાદીનો જન્મ તા. ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા મુકામે થયેલ છે કે કેમ તે મતલબની પ્રતિવાદી સંસ્થાના રેકર્ડ અંગે ચકાસણી કરવામાં આવે તો વાદી દ્વારા પ્રતિવાદી સંસ્થાને વિનંતી કરવામાં આવેલ છે જે અન્વયે રેકર્ડ જોતા આવી કોઈ નોંધણી થયેલ ન હોવાનુ પ્રતિવાદી સંસ્થા દ્વારા જણાવેલ છે તે બાબતે આંક ૧૨ થી અપ્રાપ્ય પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી દ્વારા આંક ૦૬ થી જે જવાબ રજુ રાખવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો તેનાથી પણ વાદીના આ કથનને સમર્થન મળે છે વધુમાં પ્રતિવાદી દ્વારા કોર્ટના હુકમ સિવાય હવે તેઓને આવી કોઈ નોંધણી કરવાની સતા રહેતી નથી તેવુ પણ ફલીત થાય છે.

વાદીઓની ઉપરોકત હકીકતને પ્રતિવાદી તરફથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી કે વિરૂધ્ધનો કોઈ પુરાવો પણ રજુ થયેલ નથી.

(૯) વધુમાં વાદીએ પોતાની દાવા અરજી આંક-૦૧ તથા સોગંદનામું આંક-૮ માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આ કામનાં વાદીનું પિયર ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ છે. વાદીના માતાપીતાના લગ્નજીવનથી ૫ સંતાનનો જન્મ થયેલો. જે પૈકી વાદી “પટેલ શારદાબેન ચંદુલાલ” નો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા.ચાણસ્મા જિ.પાટણ મુકામે થયેલો. વાદીના જન્મની નોંધ કરવવાનું વડીલોએ કાયદાની અજ્ઞાનતાને લીધે રહી જવા પામેલ. વાદીને પાસપોર્ટ મેળવવાની કાર્યવાહીમાં જન્મની નોંધના દાખલાની જરૂરિયાત હોઈ જન્મની નોંધના દાખલાની જરૂર પડેલ છે. વાદીએ જન્મના દાખલાની પ્રતિવાદી સંસ્થા પાસે માંગણી કરતા પ્રતિવાદી સંસ્થાને જન્મની નોંધ કરવાની સત્તા પહોચતી ન હોઇ તેવો દાખલો આપેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

વધુમાં આ અંગે વાદી દ્વારા લોકલ ન્યુઝ પેપર "રત્નમણી" માં વાદીએ કરેલ દાવા તથા તેમાં માંગેલ દાવા બાબતે પબ્લીક નોટીસ પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી જે આ કામે આંક ૧૭ થી રજુ છે. સદર પબ્લીક નોટીસ અન્વયે કોઈ પણ વ્યકિતને વાદીના આ દાવા અંગે કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોઈ તો જાતે અથવા તેમના વકીલ શ્રી દ્વારા હાજર રહેવા જણાવેલ હોવા છતાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર આજદીન સુધી આવેલ નથી. જેથી વાદીના આ દાવાને કોઈપણ રીતે હાલના પ્રતિવાદી સંસ્થા સિવાય અન્ય કોઈ વ્યકિત કે સંસ્થાએ પણ પડકારેલ નથી.

સદર વાદી તથા વાદીના સાહેદો ની પ્રતિવાદી દ્વારા કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી કે તેઓ ઉલટતપાસ લેવા માંગતા પણ નથી. જેથી પ્રતિવાદી સંસ્થા વાદી દ્વારા જણાવેલ હકીકતોનું કોઈપણ રીતે ખંડન કરી શકેલ નથી કે કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર લાવવામાં સફળ રહેલા નથી. ફકત પ્રતિવાદીએ પોતે આંક ૦૬ થી જવાબ રજુ રાખેલ છે તેમજ આંક ૨૧ થી પોતે કલોઝીંગ પુરસીસ આપેલ છે અને પ્રતિવાદીએ જાતે સોગંદ પર કોઈ પુરાવો આપેલ નથી કે વાદીએ સોગંદ ઉપર આપેલ પુરાવા અંગે કોઈ ઉલટતપાસ કરેલ નથી કે આ અંગે કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ પર લાવેલ નથી. જે તમણ સંજોગો ધ્યાને લેતા વાદી તથા તેમના સાહેદ કે જેઓ વાદીના સગા છે તેઓએ જે સોગંદનામા પર સરતપાસ આપેલ છે તે નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં વાદી દ્વારા જે દસ્તાવેજો પુરાવા તરીકે હાલની દાવા અરજી સાથે રજુ રાખેલા છે. જે હાલના કામે આંક ૧૨ થી ૧૮ સુધી રજુ છે જે તમામ દસ્તાવેજો સરકારી દસ્તાવેજો છે અને જે દસ્તાવેજો નહી માનવાને પણ કોઈ કારણ રહેતુ નથી. પબ્લીક નોટીસ આપવામાં આવેલ છે જેમાં એક લોકલ ન્યુઝ પેપર છે તેમાં આપવામાં આવેલ પબ્લીક નોટીસ પરત્વે પણ કોઈ પણ વ્યકિત અત્રેની અદાલત સમક્ષ રૂબરૂ જાતે કે લેખીતમાં કોઈપણ પ્રકારના કોઈ વાંધા તકરાર લઈ ઉપસ્થિત રહેલ નથી કે કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી આવા સંજોગોમાં જયારે આવા દસ્તાવેજો રેકર્ડ પર હોઈ અને સદર દસ્તાવેજો સાચા અને અને કાયદેસરના હોવાનું માનવાને કારણ રુહે છે અને વિરુધ્ધનું કઈ રેકર્ડ પર ન આવતુ હોઈ ત્યારે આવા દસ્તાવેજો નહી માનવાને કોઈ કારણ રુહેતુ નથી. જેથી સદર કામે રજુ થયેલ આંક ૧૨ થી ૧૮ વાળા દસ્તાવેજો સાચા અને કાયદેસરના હોવાનું માનવાપાત્ર રહે છે અને જેના આધારે વાદી પટેલ શારદાબેન ચંદુલાલનો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા મુકામે થયેલ હોવાનું માનવાને કારણ રહે છે અને તે બાબતની જન્મની નોંધ થયેલ ન હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ રહેલા છે.

જયારે વાદી પ્રથમ મુદો પુરવાર કરતા હોઈ જેથી વાદીનો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા મુકામે થયેલ છે અને તે બાબતની જન્મની નોંધ થયેલ ન હોઈ જેથી વાદીના જન્મની નોંધ પ્રતિવાદી સંસ્થાના જન્મ રજીસ્ટરે થવી જરૂરી છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જો આવી નોંધ કરવામાં આવે તો કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનું કાઈ નુકસાન થાય તેમ નથી પરંતુ જો વાદીને માંગ્યા મુજબનું પ્રમાણપત્ર ન આપવમાં આવે તો પારાવાર હાલાકી ભોગવવી પડે તેમ છે.

આ કામે હવે જયારે વાદી દ્વારા મુદા નં.૧ પરત્વે પુરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે અને પ્રતિવાદી દ્વારા તેનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી કે અન્ય કોઈ ખંડનાત્મક પુરાવો આપવામાં આવેલ નથી. વધુમાં પબ્લીક નોટીસની પણ પ્રસિધ્ધ કરી દેવામાં આવેલ છે જે આ કામે આંક ૧૭ થી રજુ છે તે પરત્વે પણ કોઈપણ નો કોઈ વાંધો કે તકરાર આવેલ નથી. આવા સંજોગોમાં જયારે વાદીના જન્મની નોંધ ન થયેલ હોઈ અને જેથી પ્રતિવાદી સંસ્થા એ મતલબની નોંધ કરી, નવો જન્મનો દાખલો કાઢી આપવા માટેની દાદ માંગેલ હોઈ, વાદીની ઉપરોકત તમામ હકીકતોને પ્રતિવાદી તરફે ખંડનાત્મક પુરાવાથી કોઈ જ રીતે પડકારવામાં આવેલ નથી. વધુમાં સિવિલ પ્રોસીજર કોડની કલમ-૯ મુજબ આ પ્રકારના દાવા ચલાવવાની અદાલતને સત્તા પ્રાપ્ત થયેલ છે. જેથી આ અંગે માંગ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદર હોવાનું ઠરાવવામાં આવે છે. આવા કિસ્સામાં જયારે વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરવાર કરેલ હોઈ, તે સંજોગોમાં વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બનતા હોઈ જેથી વાદીના જન્મ અંગેની નોંધ પ્રતિવાદી સંસ્થા પોતાના જન્મ

રજીસ્ટરે કરવાનો હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય આવે છે. આમ, વાદી પોતાનો દાવો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલા હોય ત્યારે વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા પણ હક્કદાર બને છે. જેથી મુદ્દા નં.૧ થી ૨ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં.૩ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પટેલ શારદાબેન ચંદુલાલનો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ મુકામે થયેલ હોવાનું તથા વાદીના પિતાનું નામ પટેલ ચંદુલાલ જેઠીદાસ તથા માતાનું નામ પટેલ નર્મદાબેન ચંદુલાલ હોવાનું ઠરાવવામાં આવે છે. આથી પ્રતિવાદી સંસ્થાને આદેશ આપવામાં આવે છે કે, વાદી પટેલ શારદાબેન ચંદુલાલ નો જન્મ તારીખ ૨૮/૦૪/૧૯૭૦ ના રોજ ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ મુકામે થયેલ હોવાની વિગતે તથા વાદીના પિતાનું નામ પટેલ ચંદુલાલ જેઠીદાસ તથા માતાનું નામ પટેલ નર્મદાબેન ચંદુલાલ મુજબની વિગતે પોતાના જન્મ રજીસ્ટરે નોંધ કરવી અને નોંધ કર્યા બાદ જન્મનો દાખલો કાઢી આપવો. આ સંબંધી નિયમ મુજબ જે કોઈ ફી ચાર્જ વસુલ લેવામાં આવે તે વાદીએ પ્રતિવાદી સંસ્થાને ચુકવવાની રહેશે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ **૦૭** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** નાં રોજ ચાણસ્મા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE: 07-03-2026
PLACE: CHANASMA

[UMARKHAN GULHAMIDKHAN PATHAN]
PRINCIPAL CIVIL JUDGE,
CHANASMA-GJ-01574.